## The Mother’s work on Earth…

### The Mother’s answers to a young Sadhak:

Sadhak : May I know for how many centuries past you have been on earth ?

The Mother : I have never left the earth since its formation.

Sadhak : When you were very young, in your infant stage, did you know you are the Divine incarnate ?

The Mother : I was conscious…

Sadhak : “…More and more I fail to make a distinction between Thy work and my life, between my personality and the whole earth…” (Prayers and Meditations : 17-6-1913)

Does it mean that whole of your life had become a supreme work and that you became the whole earth – one with the earth ?

The Mother : Yes

## પૃથ્વી ઉપર શ્રી માતાજીનું કાર્ય…

### એક નવોદિત સાધકના પ્રશ્નો અને શ્રી માતાજીના ઉત્તરો:

સાધક : મધુર માતાજી ! કેટલી સદીઓથી આપ પૃથ્વી ઉપર કાર્ય કરી રહ્યાં છો ?

શ્રી માતાજી : જ્યારથી પૃથ્વીનું સર્જન થયું ત્યારથી ક્યારેય મેં પૃથ્વીને છોડી નથી.

સાધક : મધુર માતાજી! આપ જયારે બાલ્યાવસ્થામાં હતાં ત્યારે પણ શું આપ જાણતાં હતાં આપ દૈવી અવતાર છો ?

શ્રી માતાજી : હું સચેતન હતી.

સાધક : “…તારું કાર્ય અને મારું જીવન, મારું વ્યક્તિત્વ અને સમગ્ર પૃથ્વી એ બે વચ્ચે ભેદ કરવામાં હું વધુને વધુ નિષ્ફળ થઈ રહી છું…” (પ્રાર્થનાઓ અને ધ્યાન: તા: ૧૭-૬-૧૯૧૩)

મધુર માતાજી! આપના આ કથનનો શું એવો અર્થ થઈ શકે કે આપનું સમગ્ર જીવન એક પરમોચ્ચ કાર્ય રૂપ બની રહ્યું હતું અને આપ પોતે સમગ્ર પૃથ્વી બની ગયાં હતાં - પૃથ્વી સાથે એકાકાર બની ગયાં હતાં ?

શ્રી માતાજી : હા.

(GLIMPSES OF THE MOTHER’S LIFE-2, Ed. K.D. Sethna)

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN 87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2025
APRIL
૧ એપ્રિલ, ૨૦૨૫

# O LORD! Appear!

## પ્રભુ ! આવો પ્રગટ થાઓ !

**O LORD, Lord** the whole earth is in an upheaval; it groans and suffers, it is in agony … all this suffering that has descended upon it must not be in vain; grant that all this bloodshed may produce a swifter germination of the seeds of beauty and light and love which must blossom and cover the earth with their rich harvest. Out of the depths of this abysm of darkness the whole being of the earth cries to Thee that Thou mayst give it air and light; it is stifling, wilt Thou not come to its aid?

O Lord, what must we do to triumph?

Hear us, for we must conquer at any price. Break down every resistance: appear!

**– The Mother**

(Prayers and Meditations)
August 21, 1914

**પ્રભુ ! પ્રભુ !** સારીયે પૃથ્વી આકુળ વ્યાકુળ થઈ રહી છે, એક મહાવ્યથામાં રિબાતી એ આક્રંદ કરી રહી છે, દુઃખી દુઃખી થઈ રહી છે … એના ઉપર ઊતરેલી આ બધી યાતના તદ્દન નિરર્થક જાય એમ તો ન જ થવું જોઈએ. અમારી પ્રાર્થના છે કે આ જે અપાર લોહી વહી ચૂકેલું છે તેમાંથી સૌન્દર્યનાં, પ્રકાશનાં અને પ્રેમનાં બીજ ખૂબ જ ઝડપથી ઊગી નીકળો, એ બીજ ઊગીને ખીલી રહો અને પોતાના સમૃદ્ધ પાકથી આખીયે પૃથ્વીને છાઈ દો. અંધારની ખાઈના પેટાળમાંથી આ પૃથ્વીનું માનવ પ્રાણી તને પુકારી રહ્યું છે, તારી પાસેથી હવા અને પ્રકાશ માગી રહ્યું છે. તે ગૂંગળાઈ રહ્યું છે. એની મદદે તું નહિ જાય ?

પ્રભુ, કહો કે વિજય માટે અમે શું કરીએ ?

અમારી પ્રાર્થના સાંભળો, અમારે કોઈ પણ ભોગે વિજય પામવો જ જોઈએ, વિરોધ માત્રને વિદારી નાખો: આવો, પ્રગટ થાઓ

**– શ્રી માતાજી**

(પ્રાર્થનાઓ અને ધ્યાન)
તા. ૨૧ ઑગસ્ટ, ૧૯૧૪

## How I Became Conscious of My Mission...

**"When and how did I become** conscious of a mission which I was to fulfil on earth ? And when and how I met Sri Aurobindo ?

"These two question you have asked me and I promised a short reply.

"For the knowledge of the mission, it is difficult to say when it came to me. It is as though I were born with it, and following the growth of the mind and brain, the precision and completeness of this consciousness grew also.

"Between 11 and 13 a series of psychic and spiritual experiences revealed to me not only the existence of God but man's possibility of uniting with Him, of realising Him integrally in consciousness and action, of manifesting Him upon earth in a life divine. This, along with a practical discipline for its fulfilment, was given to me during my body's sleep by several teachers some of whom I met afterwards on the physical plane.

"Later on, as the interior and exterior development preceded, the spiritual and psychic relation with one of these beings became more and more clear and frequent; and although I knew little of the Indian philosophies and religions at that time I was led to call him Krishna, and henceforth I was aware that it was with him (whom I knew I should meet on earth one day) that the divine work was to be done.

"In the year 1910 my husband came alone to Pondicherry where, under very interesting and peculiar circumstances he made the acquaintance of Sri Aurobindo. Since then we both strongly wished to return to India – the country which I had always cherished as my true mother-country. And in 1914 this joy was granted to us.

"As soon as I saw Sri Aurobindo I recognised in him the well-known being whom I used to call Krishna. … And this is enough to explain why I am fully convinced that my place and my work are near him, in India."[1]

– The Mother

From 'The Life of Sri Aurobindo' By A. B. Purani.

## કેવી રીતે હું મારા જીવનકાર્ય વિશે સચેતન બની...

**ક્યારે અને કેવી રીતે હું મારા જીવનકાર્ય** વિશે સચેતન થઈ ? અને ક્યારે અને કેવી રીતે મારો શ્રી અરવિન્દ સાથે મેળાપ થયો ? - આ બે પ્રશ્નો તમે મને પૂછ્યા છે અને મેં તમને ટૂંકો જવાબ આપવાનું વચન આપ્યું હતું.

"મારા જીવનકાર્યનું જ્ઞાન મને ક્યારે થયું એ વિશે કહેવું મુશ્કેલ છે. મને લાગે છે કે જાણે હું એની સાથે જન્મી હતી અને મન અને મસ્તકનો વિકાસ થતાં એ જ્ઞાનની ચોકસાઈ અને સંપૂર્ણતા પણ વધતાં ગયાં.

"અગિયાર અને તેર વર્ષની વયના ગાળામાં ચૈત્ય ભૂમિકાની અને આધ્યાત્મિક અનુભૂતિઓની પરંપરા જાગ્રત થઈ એથી ભગવાનના અસ્તિત્વનું જ નહિ પણ મનુષ્ય ભગવાનને મળી શકે છે અથવા પોતાની ચેતના અને કર્મમાં પ્રભુને વ્યક્ત કરી શકે છે, પૃથ્વી ઉપર દિવ્ય જીવન પ્રાપ્ત કરીને તેમાં ભગવાનને પ્રગટ કરી શકે છે એ વાતનું મને પ્રત્યક્ષ જ્ઞાન થયું. એ જ્ઞાન અને એને જીવનમાં ચરિતાર્થ કરવા માટેની વ્યવહારુ સાધનાનો માર્ગ એકી વખતે, મારા શરીરની નિદ્રાવસ્થા દરમિયાન, કેટલાક ગુરુઓ તરફથી મને આપવામાં આવ્યાં હતાં; એમાંના કેટલાકને પછીથી સ્થૂળ ભૂમિકા ઉપર હું મળી હતી.

"આગળ જતા જેમ જેમ મારો બાહ્ય અને આંતર વિકાસ થતો ગયો તેમ તેમ એમાંના એક જોડે મારો આધ્યાત્મિક અને સ્થૂળ સંબંધ વધારે ને વધારે સ્પષ્ટ અને અર્થસભર બનતો ગયો. તે વખતે હું હિંદની ફિલસૂફીઓ અને ધર્મો વિશે ઘણું થોડું જાણતી હતી તો પણ એ ગુરુને કૃષ્ણ કહેવાની મને પ્રેરણા થઈ અને ત્યાર પછી, એમની સાથે (હું જાણતી હતી કે એક દિવસ પૃથ્વી ઉપર એમનો મેળાપ થવો જોઈએ તે પછી) મારે દિવ્ય કાર્ય કરવાનું છે એ વિશે હું સચેતન બની.

"સન ૧૯૧૦ માં મારા પતિ એકલા પોંડિચેરી આવ્યા અને વિચિત્ર અને રસપ્રદ સંજોગોમાં એમને શ્રી અરવિન્દનો પરિચય થયો. તે વખતથી અમે બંને હિંદમાં પાછાં ફરવાને ઘણા ઉત્સુક હતાં - હિંદ હંમેશા મારે મન મારી સાચી માતૃભૂમિ હતી. અને ૧૯૧૪ માં અમને એ આનંદ લેવાનો અવસર મળ્યો.

"જેવા મેં શ્રી અરવિન્દને જોયા કે તુરત પેલી સુપરિચિત વ્યક્તિ જેને હું 'કૃષ્ણ' કહેતી હતી તે 'એ જ છે' એ પ્રમાણે એમને ઓળખી લીધા... અને મારું સ્થાન અને મારું કાર્ય એમની સાથે હિંદમાં છે એ વાતની મને સંપૂર્ણ ખાતરી કેવી રીતે થઈ તેની સમજૂતી આપવા માટે આટલું પૂરતું છે."

– શ્રી માતાજી

'શ્રી અરવિન્દ જીવન' પુસ્તકમાંથી લે. અંબાલાલ પુરાણી